





લાગ જોઇ, મૂલાયમ મોટાં પેકેજ પડાવે છે,
અને ટેકાના મરચાં આંજી મમતા રડાવે છે,
નવડાવે સરકારને કૌભાંડોના પાણીથી -
સત્તાની ખેંચા-ખેંચમાં હવે સૌ 'પંજા' લડાવે છે
(યુપીએ નાં સૌ લોહી પીએ)




વરસ્યો, જાણે -
- 'સરકારી સહાય,'
વિનાશ પછી..
(ફૂસ ફૂસીયો..)

માંડે છે વાર્તા,
બંધનમુક્ત બાપા..
છોકરાં રાજી..
(પાયાનું 'નેટવર્ક' શું છે?)

## ચિંતન

**ના પૃષ્ઠઃ કસ્ય ચિદ્ બ્રૂયાન ચાન્યાયેન પૃચ્છતઃ ।**
**જાનન્નપિ હિ મેધાવી જડવલ્લોક આચરેત ॥**

'જો કોઇ વ્યક્તિએ આણને પૂછ્યું ન હોય છતાં એવા વિષય પર આપણે કંઇ કહેવું નહીં અર્થાત કોઇને પણ પૂછ્યા વિના સલાહ-માર્ગદર્શન-સૂચના આપવાં નહીં. એવી જ રીતે જો કોઇ જોરતલબી એટલે દબાણપૂર્વક કે છળકપટથી પણ કોઇ ગુપ્ત વાત જાણવા પ્રયત્ન કરે કે યુક્તિયૂર્વકના પ્રશ્નો પૂછે તો પણ બુધ્ધિમાન વ્યક્તિ એનો જવાબ જાણતો હોય કે રહસ્યની ખબર હોય છતાં પણ - 'એ બાબતમાં હું કંઇ જાણતો નથી' એમ કહી પોતાનું અજ્ઞાન બતાવી જડની પેઠે આચરણ કરવું કે એનાથી નિર્લેપ રહેવું.'

કેટલાંક લોકોને બધી બાબતમાં બોલબોલ કરી કોઇને સલાહ-સૂચના-માર્ગદર્શન આપવાની ટેવ હોય છે અને પૂછ્યા વિના પોતાના મત-અભિપ્રાય આપતાં હોય છે. એમાં ખૂદનું અને એનાં અભિપ્રાય-મત-સલાહનું મહત્ત્વ રહેતું નથી. કયારેક અપમાનજનક પરિસ્થિતિમાં મૂકાઇ જવું પડે છે. એટલે બોલવામાં વિવેક રાખતાં શિખવું જોઇએ.

એક કહેવત છે :-

વણમાંગેલું બોલે તે તણખલાંની તોલે.

## સુવિચાર

- સુવાસ ફેલાવનારાં ફૂલોનો વિકાસ ધીમે ધીમે થાય છે, જયારે ઘાસ ઝડપથી વિકસે છે - **શેક્સપિયર**
- ખોટાં ઐશ્વર્યની પ્રાપ્તિ પાછળ જે પોતાનું આત્મધન હણતો નથી તે જ આધ્યાત્મની ઊંચાઇ પ્રાપ્ત કરે છે - **મોટા**
- માણસને જો ભાષા મળી જ નહોતી તો તેની વિચારવાની પ્રક્રિયા વધુ સરળ અને સંપૂર્ણ હોત - **કોલરિજ**
- કાયદો એટલે મનુષ્યને મળતો વારસાગત રોગ - **ગેટે**
- જીવનની શાંતિની મોટામાં મોટી દુશ્મન ચિંતા છે - **બ્રાઉન**
- જો માનવી માત્ર એક ઇશ્વરનો ભય રાખે તો પછી દુનિયાના કોઇ ભય તેને ડરાવી શકતા નથી - **જુનુશ**
- ગરીબી ખાનદાનીને દબાવી નથી શકતી - **કાકા કાલેલકર**

## બોધ કથા

નૂતનવર્ષે-લગ્નતિથિનાં કે જન્મદિવસનાં પ્રેમ અને લાગણીના પ્રવાહમાં તણાઇ જઇને આપણે સારા નિયમ લઇએ છીએ પણ આપણા મન-હૃદયમાં બેઠેલો એક આળશ રૂપી શેતાન આપણી કોઇ પણ શુભ 'ઇચ્છા', 'નિર્ણય'ને સફળ થવા નથી દેતી. એના માટે મક્કમ-દૃઢ નિર્ણય શક્તિ અને મનોબળ જોઇએ.

અમદાવાદનો અમદાવાદી અંબાલાલ લોભી-કંજૂસ હતો. ચાર આનાના ગરમ ચણા લઇ 'સાબરમતી'ની સૂકી રેતમાં ચાલવા જતો પછી રેતીમાં એ ચણા ઢોળી એક એક ચણો ખાતો.

સ્વાતંત્ર્યની ચળવળનો એ જમાનો હતો ગાંધીજીની સભા સાબરમતીના પટમાં ભરાઇ હતી. ગાંધીજી લોકોને સ્વાતંત્ર્યની ચળવળ માટે નાણાકીય સહાય માટે ફંડ ફાળાની હૃદયપૂર્વકની હાકલ કરતાં હતા. 'આવા અહિંસક યજ્ઞમાં આહુતિ આપવા તમારી પાસે જે હોય તેની આહુતિ આપો!'

બાપુના દર્દીલા શબ્દોની અસરથી બહેનો ઘરેણાં-પુરૂષો ચેન રોકડ આપવા લાગ્યા.

અંબાલાલ તો દૂર બેઠો આ જોતો સાંભળતો. ચણા ચાવતો હતો. શરૂઆતમાં તેને લોકો આમ સોનાં-રૂપાં-રોકડ આપતા જોઇ આશ્ચર્ય થયું પણ બાપુની વાણી અસર કરી ગઈ. એ પણ ઉઠ્યો. આંગળી પરની વીંટી ગોળ ગોળ ફેરવવા લાગ્યો. વધારે હિંમત કરી ત્યાં વેઢા પાસે વીંટી અટકી ગઈ!

- એના હૃદયમાંથી કોઇ બોલ્યું - ચેત! અંબાલાલ ચેત! ને અંબાલાલ બેસી ગયો, ચણાની શોધમાં...

આપણા મન-વિચારમાં પડેલાં આવા અંબાલાલ સત્કાર્ય કરતાં અટકાવે છે.

# જયારે જયારે અસમાન્ય ઘટના બને ત્યારે અનેક લોકોથી અનેક પ્રસંગે બોલાઇ જવાતું હશે - 'ઓ માય ગોડ!'

બ્રહ્માંડની ઉત્પત્તિના રહસ્યોને જાણવા માટે બાર કડીમાંથી અગિયાર કડી મળી ગઇ હતી પરંતુ એક મેળવતાં વૈજ્ઞાનિકોને નાકે દમ આવી ગયો! જેને શોધવા માટે વૈજ્ઞાનિકો ૧૯૬૦ થી પ્રયત્નશીલ હતા. છેવટે ૨૦૧૨ માં એ છેવટની કડી મળી! સ્વિટ્ઝર્લેન્ડ અને ફ્રાંસની સરહદે ભૂગર્ભમાં બનાવાયેલા ૨૭ કિલોમીટરની પરિઘવાળા વિશાળકાય 'લાર્જ હેડ્રેન કોલાઇડર' માં આખરે 'ગોડ પાર્ટીકલ' મળી આવ્યો છે!

આ પાર્ટીકલની સોથી તેની શોધ માટે મચી પડેલાં ૫૧૦૦ વૈજ્ઞાનિકો અને આખી દુનિયા રોમાંચિત થઇ ગઇ છે!

આર્કીમીડીઝે બોયન્સીનો સિધ્ધાંત શોધ્યો ત્યારે તે 'યુરેકા, યુરેકા' બોલતો બોલતો નહાતા નહાતા બાથરૂપમાંથી દોડ્યો હતો! 'ગોડ પાર્ટીકલ' વાળા ૫૧૦૦ વૈજ્ઞાનિકો તો ચોક્કસ પણે એ રીતે નહીં જ દોડ્યા હોય!

પરંતુ 'ગોડ' નો સાક્ષાત્કાર થવાથી તેમનાંથી સ્વાભાવિક પણે જ બોલાઇ જવાનું હશે. 'ઓ માય ગોડ!'

જયારે જયારે અસમાન્ય ઘટના બને ત્યારે અનેક લોકોથી અનેક પ્રસંગે બોલાઇ જવાતું હશે - 'ઓ માય ગોડ!'

● મુંબઇ હુમલા કેસનો માસ્ટર માઇન્ડ અબુ જુંડાલ જે હુમલા સમયે પાકિસ્તાનમાં ISI નાં કંટ્રોલરૂમમાં રહી મુંબઇ રહેલાં આતંકવાદીઓને ગાઇડ કરી રહ્યો હતો. તે દિલ્હીના ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઝડપાઇ ગયો હોવાના સમાચાર સાંભળી સમગ્ર ભારતની જનતા દુઃખમિશ્રિત નિરાશાના સ્વરમાં બોલી ઊઠી હશે - 'ઓ માય ગોડ!' હવે શું?!

## હળવાશની ક્ષણોમાં !
### ઓ માય ગોડ!
**- ચિત્રસેન શાહ**

કારણ કે હવે ભારતની જનતાના બીજા કરોડો રૂપિયા જુંડાલની સરભરામાં ખર્ચાશે! (અફઝલ ગુરૂ, કસાબ પછી હવે જુંડાલ ભારતની જેલોમાં કબાબ ખાઇને વર્ષો સુધી જલ્સા કર્યા કરશે!)

આવી કડવી વાસ્તવિકતા વચ્ચે પણ શ્રી અડવાણીએ પાકિસ્તાન પાસે ડોન દાઉદનાં પ્રત્યાર્પણની માગણી કરી છે!

માણસો અને રાજકારણીઓએ પ્રેકટીકલ બનવું જોઇએ! તે લોકોને ખ્યાલ જ હોવો જોઇએ કે દિલ્હીના હાલના શાસકો શેક્યો પાપડ પણ ભાંગી શકે તેમ નથી ત્યારે ખાતર ઉપર કેટલા દીવા કરવા છે?!

● તાજેતરમાં એવા સમાચાર બહાર આવ્યા છે, કે પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફની જાણમાં અને અનુમતિથી જ દુનિયાનો ખૂંખાર આતંકવાદી ઓસામા બીન લાદેન પાકિસ્તાનમાં રહેતો હતો!

આ જાણી ઓબામા બોલી ઊઠ્યા હશે - 'ઓ માય ગોડ!'

પાકિસ્તાન સુપર પાવરને પણ ઊંડા ભણાવ્યા ને!

● એક ન્યૂઝ પેપરમાં ઊંઘવાના સમાચાર વાંચી અમે જાગી ગયા!

સમાચાર હતા -

'બ્રિટનમાં મહિલા કુંભકર્ણ!'

એપ્રિલ ૨૦૧૨માં ઊંઘી ગયેલી એક બ્રિટીશ યુવતી છેક જૂન ૨૦૧૨માં જાગી!

અને તેને કારણે તે પોતાની વાર્ષિક પરીક્ષા ચૂકી ગઇ હતી એટલું જ નહીં પણ પોતાની વર્ષગાંઠની કેક પણ કાપી શકી નો'તી! (એટલે કે ખાઇ શકી નો'તી! પણ કેક કાપવા કરતાં ખાવામાં જ વધારે આનંદ આવે ને!) અમે આવા તો બીજા અનેક કામ કરવાના રહી ગયા હશે અથવા રખડી પડ્યા હશે! દાખલા તરીકે -

'બોલ બચ્ચન' પિક્ચર જોવાનું રહી ગયું હશે! વિગેરે...

(આમાં ઊંડે ઉતરવું નહીં કારણ કે સાહિત્યમાં લેખકો - કવિઓને બધી છૂટ હોય છે! હાથમાં 'બ્રીફકેશ' ને બદલે મગજમાં હળવાશ અને ખભે 'ભાર વગરના ભણતર' જેવો પરંતુ પુસ્તકોના વજનથી ભારે થયેલો એવો થેલો ભરાવીને ફરતાં લેખકોને આટલી છૂટ તો મળવી જ જોઇએ ને! કારણ કે આમા કોઇનાં પિતાશ્રીનું કશું જતું નથી!)

કલીન લેવીન સિન્ડ્રોમથી પ્રભાવિત તે બ્રિટીશ યુવતી વિશ્વની ૧૦૦૦ વ્યક્તિઓમાંની એક છે. આ બિમારીને 'સ્લીપીંગ બ્યુટી સિન્ડ્રોમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ન્યુરોલોજીકલ ડીસઓર્ડરને કારણે વ્યક્તિ મહિનાઓ સુધી ઊંઘી શકે છે!

અમારા મિત્રને અમે જયારે આ સમાચાર વંચાવ્યા ત્યારે તે બોલી ઊઠ્યો - 'ઓ માય ગોડ!'

● રામાયણ વાળો કુંભકર્ણ પણ આ બિમારીથી પીડાતો હશે?!'

(એ મિત્ર રામાયણ-મહાભારતના પાત્રોમાં હંમેશા ગોટાળા કરે છે!)

એ પોતે કહે છે તે પ્રમાણે -

તે પોતે પણ ન્યુરોલોજીકલ ડીસઓર્ડરથી પ્રભાવિત હોવાને કારણે મગજમાં રહેલા ન્યુરોન તેમજ ન્યુરોન ટ્રાન્સમીટરમાં થતી ઉથલપાથલ તેમજ વધઘટને પરિણામે આવા ગોટાળા સર્જાય છે તેવું તેના ન્યુરોલોજીસ્ટનું કહેવં છે. પરિણામે ત્યારે બને છે - દ્રૌપદીનું હરણ અન સીતાજીનું વસ્ત્રાહરણ!

ઇશ્વરે માણસનાં મગજની ગજબની રચના કરી છે! એ વિચારતાં મગજ કામ નથી કરતું! કોઇ મહિનાઓ સુધી જાગી શકતા નથી તો કોઇ મહિનાઓ સુધી ઊંઘી શકતા નથી! આને કહેવાય - 'ગોડ!'

'પાર્ટીકલ' તો પાછળથી વૈજ્ઞાનિકો લગાવશે અને ત્યારે કહેવાશે - 'ગોડ પાર્ટીકલ!' એપલ કોમ્પ્યુટરના સહસ્થાપક સ્વ. સ્ટીવ જોબ્સે પણ આવા સર્વશક્તિમાન ભગવાન સાથે M.O.U. કર્યા હશે ને!

● ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૬૦૦૦ બાળકો - કિશોરો - કિશોરીઓ ગુમ થઇ ગયા છે! (આમાં કેટલાંક પ્રેમીપંખીડાં પણ હશે!)

આવા સમાચાર ન્યુઝપેપરમાં વાંચી પોલીસ ડિપાર્ટમેન્ટનાં ઉચ્ચ અધિકારીઓ બોલી ઊઠ્યા હશે - 'ઓ માય ગોડ!'

તેમને તેમના નીચેના સ્ટાફને જયારે પૂછ્યું કે - 'તમે' લોકો કરો છો શું?! ત્યારે નીચેના સ્ટાફે જવાબ આપ્યો - 'સાહેબ, અમે અમારા બાળકોને શોધવામાં વ્યસ્ત હતા! અને તે પણ કયાં હજું મળ્યા જ છે?!'

● ફ્રીજમાં બરફ ઓગળી ગયેલો જોઇને પર્યાવરણ પ્રત્યે સભાન રહેતા એક મહાશય બોલી ઊઠ્યા - 'જોઇ ને ગ્લોબલ વોર્મિંગ ની અસર! હિમાલયની પર્વતમાળાઓમાં તો ઠીક પરંતુ હવે તો ફ્રીજમાં પણ બરફ ઓગળવા લાગ્યો છે!'

(હકીકતમાં ફ્રીજની સ્વીચની (M.C.B) - મીનીએચર સર્કીટ બ્રેકર - ટ્રીપ થયેલી!) અમે આ હકીકત જયારે પેલા મહાશયને જણાવી ત્યારે તે બોલી ઊઠ્યા - 'ઓ માય ગોડ!'

● એક બાજુ દેશના ગોદામોમાં લાખો ટન અનાજ સડી જાય કે ખુલ્લામાં પાણીમાં પલડી જાય છે ત્યારે બીજી બાજુ ખેતીપ્રધાન દેશનાં કરોડો માણસો ભૂખ્યા સૂઇ જાય છે!

આ બંને દૃશ્ય એક સાથે અમે અમારા ઝારખંડ - બિહારના પ્રવાસ દરમિયાન જોયેલો. સમેત શીખરની યાત્રાએ જતી વખતે એક જગ્યાએ ગોડાઉનની બહાર અનાજના જંગી જથ્થાને પાણીમાં પલળતો જોયો અને બીજી બાજુ જંગલમાં આદિવાસીઓને ઝાડનાં પાંદડાંથી પેટ ભરતાં જોયા!

આમીરખાન આ દૃશ્ય જુએ તો બોલી ઊઠે - 'ઓ માય ગોડ! સત્યમેવ જયતે!'

● (આ લખનારની એક નોંધ - આ લેખ વાંચવો હોય તો આજે જ વાંચી લેજો! 'સત્યમેવ જયતે'ની માફક એ રીપીટ નહીં થાય!

આવતીકાલે તેની પસ્તી થઇ જશે!)

● આટલું લખીને હું અટક્યો ત્યાં ડોરબેલ વાગી. મેં દરવાજો ખોલ્યો તો સામે ભગવાન!

મારાથી બોલાઇ જવાયું -

'ઓ માય ગોડ!'

એક બહુરૂપી શિવજીનો વેશ ધારણ કરી ઊભો હતો!

તેની વેશભૂષા એવી તો આબેહૂબ હતી કે જાણે ભગવાન સાક્ષાત્કાર થયા હોય તેવી અનૂભૂતિ થઇ!

# આ જગતમાં મદાલસા કરતાં વધારે જ્ઞાની કોઇ નથી, બાળકોના મનનું સમાધાન થતાં તે માતા પાસે પાછા આવ્યાં, માતાને ગુરૂ પદે સ્થાપી બ્રહ્મવિદ્યાનું પરમ જ્ઞાન મેળવ્યું

## લઘુ વાર્તા
**- અનંત ન. વ્યાસ**

### કથા - મદાલસાની

મદાલસા બ્રહ્મવાહિની હતી. મૈત્રેય, ગાર્ગીની જેમ તેનું નામ પણ વેદાંત. સાહિત્યમાં સુવર્ણ અક્ષરે અંકાયુ છે. મદાલસાએ પોતાના પુત્રોને યોગ્ય ઉંમત થતાં ગુરૂનાં આશ્રમે જ્ઞાન માટે મોકલ્યા. અતિ તેજસ્વી એવા બે બ્રહ્મચારી બાળકોને સમિધ લઇ આવતા જોઇ ગુરૂ ખુશ થયા. બાળકોને ગુરૂને પ્રણામ કર્યા ને પોતાનો શિષ્યો તરીકે સ્વીકારવા વિનંતી કરી.

ગુરૂએ પ્રથમ તો રિવાજ પ્રમાણે વેદ-ગોત્ર, શાખા ઇત્યાદિની પૂછપરછ કરી. પછી માતાનું નામ પૂછ્યું. બાળકો કહે, અમે મદાલસાના સંતાનો છીએ.

ગુરૂ : શું તમારા માતાનું નામ મદાલસા છે. તો બાળકો કહે : હા.

મદાલસા નામ સાંભળી ગુરૂ ઘડીભર વિચારમાં પડી ગયા પછી કહે, બેટા - હું તમને મારા શિષ્ય તરીકે સ્વીકારી નહિ શકું. તમો અન્ય ગુરૂ પાસે જાઓ.

બાળકો વિચારમાં પડ્યા. માતાનું નામ આવતાં જ ગુરૂએ કેમ ના પાડી? નિરાશ થઇ બાળકો અન્ય આશ્રમ તરફ ગયા. ત્યાં પણ પડપૂછ થઇ ને જયાં બાળકોએ માતા તરીકે મદાલસાનું નામ આપ્યું તો ગુરૂ કહે, 'ના મદાલસાના બાળકોને હું ન ભણાવી શકું. ન જ્ઞાન આપી શકું. તમો અન્યત્ર જાઓ.'

ચાર-પાંચ જગાએ સરખો અનુભવ થતાં બાળકો વિચારમાં પડ્યા. માતાનું નામ આવતાં જ સૌ શા માટે ના પાડે છે? માતાએ એવો કોઇ ગુનો કર્યો છે? કોઇ શાપ તેને મળ્યો છે? આવી તપાસ કેમ કરવી...!

બાળકોએ વિચાર કર્યો. એ યુગના શ્રેષ્ઠ ગુરૂ વસિષ્ઠના આશ્રમે જઇ તેને જ પુછીએ. સતત પ્રવાસ કરી બાળકો તો વસિષ્ઠના આશ્રમે જિ ઊભા રહ્યા. વસિષ્ઠે બાળકોને આવકાર્યા તો બાળકો કહે, 'ગુરૂજી અમો એક પ્રશ્ન પૂછવા આવ્યા છીએ. અમો મદાલસાના સંતાનો છીએ. અમારી માતાનું નામ સાંભળી કોઇ અમને શિષ્ય તરીકે સ્વીકારતું નથી. તો અમારી માતાએ શો ગુનો કર્યો છે તે જણાવો. કથા મહર્ષિએ તેને શાપ આપ્યો છે? શું તેણે કોઇ અનૈતિક કર્મો કર્યા છે... અમારા માતાનો ગુનો જણાવો...'

ગુરૂ વસિષ્ઠ વાત સાંભળી હસ્યા ને કહે, 'બેટાઓ, તમારી માતા તો મહા - બ્રહ્મવાહિની છે. તેણે કોઇ ગુનો કર્યો નથી, કોઇ તેને શાપ આપી શકે તેમ નથી. એટલે તમો એ બાબત નિશ્ચિંત રહો.

તો પછી અમનો કોઇ ભણાવવા શા માટે તૈયાર નથી?'

વસિષ્ઠ કહે, દીકરાઓ, તમારી માતાએ તમો ગર્ભમાં હતા ત્યાં જ તમામ જ્ઞાન આપી દીધું છે. અમો જેટલું જાણીએ છીએ એ તમામ તમો જાણો છો. કોઇ ગુરૂ તમને નવું કશું શીખવાડી શકે તેમ નથી. હું પણ તમારા માતાએ જે તમને આપ્યું છે તેમાં કંઇ વધારો કરી શકું તેમ નથી. તો પછી કયા ગુરૂ તમને વધારે જ્ઞાન આપી શકે.

બાળકો વિચારમાં પડ્યા. અમારે વધારે જ્ઞાન મેળવું હોય તો શું કરવું?

વસિષ્ઠ કહે, તમે તમારી માતા પાસે જાઓ. માતાને સ્થાને ગુરૂ દૃષ્ટિ કેળવો તેની પાસેથી જ વધારાનું જ્ઞાન મેળવો. બાકી આ જગતમાં મદાલસા કરતાં વધારે જ્ઞાની કોઇ નથી. બાળકોના મનનું સમાધાન થતાં તે માતા પાસે પાછા આવ્યાં. માતાને ગુરુ પદે સ્થાપી બ્રહ્મવિદ્યાનું પરમ જ્ઞાન મેળવ્યું.

## તો શું થાય? ઘણું થાય !

કોઈને હાથ ભાંગી ગયો : બોલો, હવે શું થાય?
કોઈના પગ કપાઈ ગયા : બોલો, હવે શું થાય?
કોઈની આંખો ફૂટી ગઈ : બોલો, હવે શું થાય?
કંઈ ન થાય! કંઈ ન થાય?
ઘણું થાય.

શરીરનું કોઈ અંગ તૂટ-ફૂટ થઈ નકામું બની ગયું હોય તોય એવું થાય કે બધા માન આપે. એવું ઘણું બધું થાય કે બધા શીખવા આવે.

આવું ઘણું બધું કરતાં મહેનત જોઈએ જબરી. બસ, મંડ્યા રહેવું પડે. એમ મંડી પડ્યો હતો એક છોકરો. છેવટે એને ખૂબ માન મળ્યું. અને માન અપાવે એવા ચુનંદા શિષ્યો પણ મળ્યાં.

એ છોકરાનું નામ વિષ્ણુ. તેર-ચૌદ વરસની ઊંમર. ગયો હતો ગામની નજીકમાં મેળામાં. આમ તેમ ફરતો હતો. એક જગ્યાએ પાંચ-સાત છોકરા મસ મોટા ફટાકડાં ફોડતાં હતા. સ.. ૨.. ૨.. તચ, તડાતડ, સૂ... ઉ...




- રેખા ભટ્ટ અને પૂજા ભટ્ટ

ઉ.. ધડામ. એક સળગતો ફટાકડો પડ્યો પાસેની દારૂખાનાની દુકાનમાં. અને એક સાથે ફટાકડા ફૂટવા માંડ્યા. ચારેકોર તણખાં ઉડવા માંડ્યા. વિષ્ણુની આંખોમાં તણખાં પડ્યા ને એનું જોવાનું બંધ થઈ ગયું. વિષ્ણુને દેખતો કરવા એનાં મા-બાપે ઘણા ઉપાય કર્યા પણ કંઈ ન વળ્યું. તેર વરસનો એ સુંદર છોકરો બની ગયો સુરદાસ! પણ થયો નહીં એ ઉદાસ! એણે તો ગીત સંગીત શીખવા નક્કી કર્યું.

સંગીત શીખવનાર ગુરૂ પણ મળી ગયા. ખૂબ જાણીતા અને જાણકાર. ગુરૂજી હેતથી વિષ્ણુને પાસે બેસાડે અને ગાવાનું કહે. એકવાર ગુરૂજીએ એક રાગ ગાઈ બતાવ્યો તે વિષ્ણુથી ગવાય જ નહીં. ગુરૂ ફરી ગાઈ બતાવે. ચેતો તે ગાવાની કોશિષ કરે પણ એને કેમ કરીને આવડે નહીં.

છેવટે ગુરૂજી થાક્યા. ચેલાને કહે : ''બેટા, વિષ્ણુ તું બીજી કોઈ કામગીરી શીખી લે. ગીત સંગીત તને ફાવે એમ મને લાગતું નથી.''

આ સાંભળી વિષ્ણુ પડી પડ્યો. ''મારે તો ગાયક જ બનવું છે. સંગીત વિના હું શું કરીશ?'' પછી તો વિષ્ણુ મંડી પડ્યો. વિષ્ણુ માંડ પાંચ કલાક ઊંઘતો. જેમ તેમ ખાઈ-પરવાનીને પૂરા અઢાર કલાક ગીત અને સંગીત! ગુરૂજી સંભળાવે તે રાગ દિલ દઈને સાંભળે. પછી પોતે કરે એવો જ આલાપ.

ગુરૂને ગમે તેવું ગાવા માટે સતત રિયાજ કરે. મહેનત સાથે અભ્યાસ કરે. ખાવા-પીવાનું પણ ભૂલી જાય.

વિષ્ણુની સખત મહેનત ફળી. હવે વિષ્ણુ બરાબર ગાવા માંડ્યો. મધુર, આલાપ ગાવા લાગ્યો. ગુરૂજીએ પણ રાજી થઈને પોતાની બધી આવડત શીખવી દીધી.

સુરદાસ વિષ્ણુ સૂર-મહારાજ બની ગયો. વખત જતાં સંગીત શીખવા કામ લાગે તેવાં પુસ્તકો રચ્યાં. સંગીતનું વિદ્યાલય ખોલ્યું. સંગીત શીખવા લોકો આવવા લાગ્યાં. વિષ્ણુજીનું માન વધ્યું. સંગીતની શાન વધી.

આવા સૂર મહારાજનું પૂરૂં નામ! વિષ્ણુ દિગંબર પલુસ્કર.

બોલો જોઈએ -

કોઈના શરીરે ખોટ પડે તો - શું થાય?

ઘણું થાય - જરૂર જબરી જાત મહેનતની!

## ભૂલભૂલામણી - ડાકુઓના ઘરનો રસ્તો શોધો



ડાકુઓએ ધાડ પાડી છે. પોતાના છૂપા રહેઠાણે પહોંચી ગયા છે. ત્યાં બેસીને લૂટંના માલ વહેંચે છે. પોલીસવાળા એમને ઝડપી લેવા માગે છે; પણ ડાકુઓનાં ઘરનો રસ્તો અટપટો છે. તમે પોલીસવાળાઓને મદદ કરો. જલદી એમને રસ્તો શોધી આપો.

## બાળ મિત્રો,

તમને કોઇ પૂછે કે તમને શું શું કરવુ ગમે? તમારી હોબી શું - તમારો શોખ શું? તો તમે તરત વિચારમાં પડી જવાના! "હા, એ વાત ખરી મને શું ગમે છે?" પોતાની જાતને જ પ્રશ્ન પૂછવાના. અને પછી જવાબ મળશે. રમવાનો શોખ - શું રમવાનો? તો ક્રિકેટ... વાત સાચી.

ચારે બાજુ ક્રિકેટની જ બોલબાલા છે. સચિન અને ધોનીની વાહ વાહ છે. પણ ઘણાં બધાં બાળકો એવાં હશે કે જેમને રમત રમવા મળે એટલો સમય નથી - પૈસા નથી, સગવડ પણ નથી. ક્રિકેટ રમવા સમય જોઇએ, મેદાન જોઇએ, મિત્રો જોઇએ. બોલ-બેટ પણ જોઇએ. તો શું કરવું? એવા બીજા શોખ વિશે વિચારવું અને એવો શોખ કેળવવો જેમાં આનંદ તો આવે પણ ખર્ચ બહુ ના થાય...

જેમ કે,

૬ ચિત્રો દોરવાંનો શોખ.
૬ જાતજાતનાં પક્ષીઓ ઓળખવાં
૬ મનગમતાં ગીતો તૈયાર કરી ગાવાં.
૬ આસપાસના ફૂલ-છોડવાઓનું નિરીક્ષણ કરી તેમને ઓળખવાં.
૬ સારી સારી વાર્તાઓ વાંચવી.
૬ એવી રમતો રમવી જેવાં ખર્ચ ઓછો થાય.

અને મિત્રો પણ ઓછા જોઇએ જેમ કે, ચેસ - બેડમિંગ્ટન - જેનાથી બુધ્ધિશક્તિ ખીલે - શરીર પણ સુધરે તો તે તમને શું કરવું ગમે?

## આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૩મી જુલાઇ


● વ્યાયામવીર છોટુભાઇ પુરાણીનો જન્મ દિન - ૧૮૮૫.

યુવાનોને શરમાવે તેવું પ્રેરણા સ્ત્રોત જીવન જીવી જનારા વ્યાયામના પ્રચારક - અખાડા પ્રવૃત્તિના પ્રણેતા, મોન્ટેસરી પધ્ધતિસર પ્રથમ પુસ્તક પ્રગટ કરનારા છોટુભાઇ પુરાણીનું અવસાન ૨૨-૧૨-૧૯૫૦માં થયું.

● વાતોનું વન - વાર્તાસંગ્રહ, રસગીતો, કાવ્યસંગ્રહ, સંસાર એક જીવનનાટ્ય - નાટક ઉપરાંત અસંખ્ય નાટ્યસંગ્રહો આપનાર બટુભાઇ ઉમરવાડિયાનો જન્મદિન ૧૨-૭-૧૮૯૯. એકાંકી નાટકના જનક ગણાય છે.

● ૧૮૯૩ - સંત પુનિત મહારાજની જન્મજયંતિ.

● ૧૮૯૪ રૂમાનિયા આઝાદ દેશ તરીકે પ્રસ્થાપિત.



● ૧૯૦૪ - લોકમાન્ય ટિળક પર અંગ્રેજ સરકાર વિરૂધ્ધ લખાણ લખવા બદલ કેસ. ૬ વર્ષની દેશનિકાલની સજા.